અપીલ અરજી નં.૨૮૭ તા.૧–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી જયંતીલાલ ધરમચંદ મગજવાળા

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતીલાલ ધરમચંદ મગજવાળાની તા.૧–૧૦–૦૯ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી મોજે ઉમરાના રે.સ.નં.૯૧,૯૨ અને ૯૩ વાળી જમીન પર નીલમ કો.ઓ.હા.સો.લી. તરફે કેટલા પ્લાન, કયારે મંજુરી માટે રજુ કરવામાં આવેલ તથા તે પૈકી કેટલા પ્લાન કયારે આપની કચેરી તરફથી મંજુર કરવામાં આવેલ અને તે અંગે કઈ તારીખથી રજાચીઠ્ઠી આપવામાં આવેલ તેની માહિતિ તથા તે દરેકની એક નકલ તથા આર્કીટેકટ યા એન્જીનીયર અંગેની માહિતી તથા સંલગ્ન કાગળોની નકલો તથા જો સોસાયટીએ સહીઓ કરેલ હોય તો તેની નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૮૭/૨૦૦૯–૧૦

શ્રી જયંતીલાલ ધરમચંદ મગજવાળાની તા.૧–૧૦–૦૯ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી મોજે ઉમરાના રે.સ.નં.૯૧,૯૨ અને ૯૩ વાળી જમીન પર નીલમ કો.ઓ.હા.સો.લી. તરફે કેટલા પ્લાન, કયારે મંજુરી માટે રજુ કરવામાં આવેલ તથા તે પૈકી કેટલા પ્લાન કયારે આપની કચેરી તરફથી મંજુર કરવામાં આવેલ અને તે અંગે કઈ તારીખથી રજાચીઠ્ઠી આપવામાં આવેલ તેની માહિતિ તથા તે દરેકની એક નકલ તથા આર્કીટેકટ યા એન્જીનીયર અંગેની માહિતી તથા સંલગ્ન કાગળોની નકલો તથા જો સોસાયટીએ સહીઓ કરેલ હોય તો તેની નકલ આપવા બાબતે આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૬ તા.૭–૧૨–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તથા અરજદારને આરટીઆઈ એકટના નિયમ–૬ હેઠળ મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તથા મળેલ માહિતીની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં. ૬૬૩ તા.૧૧–૧૨–૦૯ થી મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૫૩૬ તા.૧૩–૧૦–૦૯ થી અરજદારને દસ્તાવેજી ફી ભરવા માટે પાઠવેલ પત્રની નકલ, રજીસ્ટર એ.ડી. ની પહોંચની નકલ, તથા નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૫૭૩ તા.૩૦–૧૦–૦૯ થી અરજદારને માહિતી મોકલ્યા અંગેના પત્રની નકલની વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧–૧૦–૦૯ થી સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ચોર્યાસી મોજે ઉમરાના રે.સ.નં.૯૧,૯૨ અને ૯૩ વાળી જમીન પર નીલમ કો.ઓ.હા.સો.લી. તરફે કેટલા પ્લાન, કયારે મંજુરી માટે રજુ કરવામાં આવેલ તથા તે પૈકી કેટલા પ્લાન કયારે આપની કચેરી તરફથી મંજુર કરવામાં આવેલ અને તે અંગે કઈ તારીખથી રજાચીઠ્ઠી આપવામાં આવેલ તેની માહિતી તથા તે દરેકની એક નકલ તથા આર્કીટેકટ યા એન્જીનીયર અંગેની માહિતી તથા સંલગ્ન કાગળોની નકલો તથા જો સોસાયટીએ સહીઓ કરેલ હોય તો તેની નકલો સહિતની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન/અઠવા/અઠવા/આ.નં.૫૩૬ તા.૧૩–૧૦–૦૯ થી માહિતી પેટેની દસ્તાવેજી નકલો અંગે પાના નં.૫૬૬ ના રૂા.૨/– પ્રતિ લેખે રૂા.૧૧૩૨/– તથા નકશા નંગ–૧૧ ના પ્લાન ચાર્જના રૂા.૭૧૮૦ બંને મળીને કુલ્લે રૂા.૮૩૧ ૨ ભરપાઈ કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૨૩–૧૦–૦૯ ના રોજ રસીદ નં.૪૬૯૮૭૬ થી દસ્તાવેજ ફી ના રૂા.૮૩૧૨ ભરપાઈ કરેલ જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ / આ.નં.૫૭૩ તા.૩૦–૧૦–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે પુરી પાડયા અંગે એકનોલેજમેન્ટ સ્લીપની નકલ રજૂ કરેલ છે. જેના અનુસંધાને અરજદારે માહિતી મળી છે તે ખોટી અને માંગ્યા મુજબની ન મળેલી હોવાથી જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ તા.૧–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં નકશા નંગ–૧૧ આપવામાં આવેલ છે. જયારે સદર મિલ્કત રે.સ. નં.૯૧,૯૨ અને ૯૩ વાળી જમીન પર નીલમ કો.ઓ.હા.સો.લિ. તરફે કેટલા પ્લાન કયારે મંજુરી માટે રજૂ કરવામાં આવેલ તથા તે પૈકી કેટલા પ્લાન કયારે મંજુર કરવામાં આવેલ અને તે અંગે કઈ તારીખની રજાચિઠ્ઠી આપવામાં આવેલ તેની માહિતી તથા આર્કીટેકટ અઠવા એન્જી. અંગેની માહિતીના સંલગ્ન કાગળોની નકલો તથા સોસાયટીએ સહીઓ કરેલ હોય તેની નકલો માંગવામાં આવેલ. તે માહિતીની જગ્યાએ અન્ય માહિતી આપેલ છે તેનાથી નારાજ હોવાથી તેમજ ખોટી રીતે રૂા.૮૩૧૨/– ભરવા પડેલ છે. તે પણ પાછા મેળવવા તેમજ અમોએ સોસાયટી તરફે પ્લાનો અંગેની માહિતી માંગેલ જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લોટ હોલ્ડરોએ અંગત રીતે જે પ્લાનો રજૂ થયેલ છે તેની માહિતી આપેલ હોવાથી ભરેલા નાણા પરત મેળવવા અને માહિતી ન આપવા બદલ દંડ કરાવવાની રજૂઆત કરેલ છે. પરંતુ અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં પણ માહિતી માંગતી મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગતો, મળેલી માહિતીની નકલ તથા કઈ માહિતી માંગ્યા મુજબ નથી તેના આધાર કે વાજબીપણું પણ રજૂ કરેલ નથી. તેમજ અપીલમાં પણ કઈ માહિતી મળેલ નથી તે અંગે અરજદાર ખુદ સ્પષ્ટ નથી.

અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી ધ્યાને લેવામાં આવે તો " હમારી સોસાયટી તરફે મજકુર જમીન પર કેટલા પ્લાનો, કયારે મંજુરી માટે રજૂ કરવામાં આવેલ અને તે પૈકી કેટલા પ્લાનો મંજુર કરવામાં આવેલ તથા તેની રજાચિઠ્ઠી અને પ્લાનોની નકલની માંગણી કરેલ." તે ધ્યાને લેતાં અરજદારની અપીલના કારણ–૪ થી જણાવેલ પ્લોટ હોલ્ડરોએ અંગત રીતે રજૂ કરેલ પ્લાનો અંગેની માહિતી આપેલ હોવાથી અપીલના કારણ નં.૩ માં જણાવેલ વિગતે રૂા.૮૩૧૨/– ખોટી રીતે ભરવા પડેલ હોય પાછા મેળવવા અંગેની રજૂઆત તાર્કીક અને સુસંગત નથી. આરટીઆઈની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ જણાય છે. અરજદારે મુળ અરજીમાં વ્યકિતગત પ્લોટ હોલ્ડર સિવાયની માહિતી તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. વધુમાં અરજદારની અરજીમાં તેમણે આપેલ વિગત અનુસાર તેઓ બાબત હેઠળની સોસાયટીના પ્રમુખ છે તેવી રજૂઆત કરેલ છે અને સદર સોસાયટી સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સંસ્થાનો પણ ઉલ્લેખ તેમણે કરેલ છે. જો આ બાબતને ધ્યાને લેવામાં આવે તો આરટીઆઈ કાયદાની કલમ–૮(૧)(ચ) હેઠળ વ્યકિતને વિશ્વાસનીય સબંધ હેઠળ પ્રાપ્ય માહિતીના કિસ્સામાં માહિતી જાહેર કરવાનું અપવાદ હેઠળ પણ ઠરાવેલ છે. સિવાય કે સક્ષમ સત્તાને વ્યાપક જાહેર હિતમાં જાહેર કરવા યોગ્ય ગણાય. અરજદારની તેઓ સહકારી કાયદા હેઠળ નોંધાયેલ મંડળીના પ્રમુખનો દાવો ધ્યાને લેતાં મંડળીના પ્રમુખ પાસે મંડળીના સભ્યોએ રજૂ કરેલ માહિતી વિશ્વાસનીય સંબંધો હેઠળ હોવાનું અનુમાનિત છે તેમ છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કાયદાનું હાર્દ અને ઉદ્દેશ ધ્યાને લઈ ઉપલબ્ધ માહિતી આપેલ હોવાનું જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી અને પૂરી પડાયેલી માહિતી અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરીને તે પૈકી ઈચ્છે તે નકલો મેળવી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા તથા થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને હોઈ તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ – ૧૦

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયંતીલાલ ધરમચંદ મગજવાળા,